# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

લઘુમતિને, કોઇ દલિતોને વટાવે છે,
તો કોઇ ભૂખ્યાં-ગરીબોને મધ ચટાવે છે
પટાવે છે કોઇ બીન-સાંપ્રદાયિક બની -
દંભી નેતાઓ પોતાની ગરીબી હટાવે છે

## હાઇકુ

ટકી રહ્યાં છે,
‘સુપ્રીમ’ લાકડીથી
સત્ય ને ન્યાય
(રોજની ફટકાર)

આવે છે કામ,
રાજકીય સંસ્કાર-
ગોલ્ડ મેડલે..
(મલ્લ-કુસ્તીમાં ગોલ્ડ)

## ચિંતન

પાત્રાપાત્ર વિવેકોઅપિ ધેનુપન્નગમોરિવ ।
તૃણાંત્સંજાયતે ક્ષીરં ક્ષીરાંત્સંજાયતે વિષમ્ ॥

‘પાત્ર ને આપવાનું અને અપાત્રને આપવામાં ભેદ ગાય અને સર્પ જેવો છે. ગાયને ઘાસ ખવડાવવામાં આવે તો પણ દૂધ આપે છે જયારે સર્પને દૂધ પીવડાવવામાં આવે તો પણ વિષ-ઝેર ઉત્પન્ન કરે છે.’

વિદ્યા-શિક્ષણ-તાલીમ-મંત્ર જો પાત્ર વ્યક્તિ-લાયક-યોગ્ય વ્યક્તિને આપવામાં આવે તો એ દીપી ઉઠે છે એટલે કે લાયક અને ગુણવાન-પાત્ર તેમાં પોતાની સૂઝ-બૂઝ, બુદ્ધિ ઉત્સાહ અને મહેનતથી એ શિક્ષણ-તાલીમ નો સદુપયોગ કરી પોતાનો આ ફાયદો કરે જ છે પણ તેના દ્વારા સારી-સાચી-સમાજસેવા પણ થાય છે.

જયારે અપાત્રને આપેલું શિક્ષણ કે તાલીમ જાતને તો નૂકશાન પહોંચાડવામાં ઉપયોગ કરે છે પણ સમાજને પણ હાનિ પહોંચાડે છે.

દા.ત. બંદૂક ચલાવવાની કે નિશાન તાકવાની તાલીમથી સમાજને સુરક્ષા આપવા કરતાં અપાત્ર ગુનાખોરી-ગુંડાગીરીના રવાડે ચઢી જાય તો અપાત્રે વિદ્યા દાન થઇ જાય છે.

અહીં સુપાત્ર તરીકે ગાયનો અને કુપાત્ર તરીકે સર્પનો દાખલો આપી આ વાત સમજાવી છે.

## સુવિચાર

- આપણે સતત બુરખો ઓઢીને જીવ્યા છીએ, ચાલો આપણે સંકલ્પ કરીએ કે આપણે એક જ ચહેરાથી જીવીશું અને જેવા છીએ તેવા જ દેખાવાનો અભિગમ દાખવીશું - **કવિ નિરજ**
- પોતાના પર અસીમ વિશ્વાસ સ્થાપિત કરવો અને એકલા બેસીને અંતઃકરણનો અવાજ સાંભળવો તે વીરપુરૂષનું કામ છે - **વિનોભા ભાવે**
- જેની જરૂર નથી તેવી વસ્તુ ખરીદો છો તો, જેની જરૂર છે તેવી વસ્તુ વેચવી પડશે - **વોરેન બફેટ**
- જેનામાં શાંતિનો નિવાસ નથી તેના બધા જ સદ્‌ગુણો વ્યર્થ છે - **અરબી કહેવત**
- તમારી ભીતિ (ભય)ને એકલા એકલા માણજો પણ તમારી હિમ્મતની લહાણી કરતા રહેજો - **રશિયન કહેવત**
- મૂર્ખ વ્યક્તિ માટે પુસ્તકો એટલા જ ઉપયોગી છે જેટલો એક અરીસો કોઇ અંધ વ્યક્તિ માટે - **હનુમંત સ્વામી**

## બોધ કથા

પરતંત્ર-પરાધીન માણસ ઠપકાની ટપલી સાથે સોળ જાતનાં પકવાનનો થાળ ખાવા મળે તો પણ એનો સ્વાદ આવતો નથી પણ સ્વતંત્ર માણસ પરિશ્રમ કરીને ડુંગળી-રોટલો પામે તેની મિઠાશ કંઇક ઓર જ હોય છે.

એક અંગ્રેજ અધિકારી, લોકમાન્ય તિલક સાથે સ્વાતંત્ર્ય સગ્રામ વિશે ચર્ચા કરતા હતા. અંગ્રેજે વાત વાતમાં કહ્યું. તમે માનો છો કે સ્વતંત્રતા પ્રાપ્ત કરીને તમે વધારે સુખી થઇ જશો?

તિલકે કહ્યું, ‘ના હું એવું માનતો નથી ઉલ્ટું અમે અત્યારે વધારે શિસ્તબદ્ધ રાજયમાં વધારે સુખી છીએ, પરંતુ સ્વાતંત્ર્ય પછી કોણ જાણે કેવા અધિકારીઓ અને કેવા નેતા પાકશે, સત્તા-અધિકારની ઇર્ષા પડાપડી થશે, લાંચ-રૂશ્વત ને મહત્ત્વ મળશે. પ્રજાને કામ કરાવવા ખૂબ સંઘર્ષ કરવો પડશે. પ્રજા દુઃખી દુઃખી થઇ જશે એવું ચિત્ર આજે મને સ્પષ્ટ દેખાય છે પરંતુ સ્વરાજ મળશે પછી જ અમારી સાચી કસોટી શરૂ થશે. વિઘ્નો આવશે અને એને પહોંચી વળવા અમારે ‘સંઘર્ષ’ કરવો પડશે. આ સંઘર્ષના આનંદમાં જે ‘સુખ’ છે તે આ પરાધીનતાપણાની શાંતિમાં નથી. અમને પૌરૂષત્વ માટે હાડમારી અને સંઘર્ષની જરૂર છે.’

અંગ્રેજ, તિલક વાત સાંભળી અવાક્ થઇ ગયા.

Email - sureshchandrabhatt18@gmail.com

# અત્યાર સુધીમાં ઉત્તરાખંડની આપત્તિમાં છ હજાર જેટલા યાત્રાળુઓનાં મૃત્યુ થયા છે અને છ હજાર જેટલા લાપતા છે તેમ સરકારી આંકડા બોલે છે, પણ વાસ્તવિક રીતે આ આંકડા કરતાં કયાંક વધુ જાનહાની અને લાપત્તા હોવાનાં પુરતાં કારણો છે

## ઉત્તરાખંડની આપત્તિ ભગવાન, આપણે અને પર્યાવરણ

- ભગવાનભાઇ કા. ગોહેલ

ઉત્તરાખંડની આપત્તિ દ્વારા કુદરતી પ્રકોપનો પરચો બતાવીને કુદરત પોતાની ભાષામાં કશુંક કહેવામાં માંગે છે પણ આપણે તેની ભાષા સમજતાં હોય છતાં સમજવા તૈયાર નથી! પંચમહાભૂત અગ્નિ, જળ, જમીન, વાયુ અને આકાશ આ કુદરતી તત્વોને તોડવાનું - તેને નાથવાનું - કામ આપણે આંધળા વિકાસના નામે કરી રહ્યાં છીએ. અને દરેક બાબતમાં આપણે ‘બજાર’નો જ વિચાર કરીએ છીએ. એ જ રીતે આ કુદરતી સંપત્તિનું પણ માણસે બજાર બનાવી દીધું છે. કુદરતી સંપદાને તે નાથવાનું અને તેનું દોહન કરવામાં તે કુદરત કરતાં સવાયો થવા જાય છે. છેલ્લે આ પ્રકૃતિ ઉપર અંકુશ મેળવવાનો ચાપો તેને ભારે પડે છે. આખરે કુદરત તેનો પરચો બતાવીને જ રહે છે. એવું જ ઉત્તરાખંડમાં મહાપ્રલયથી જોઇ શખાય છે. અહીંની જેમ જ પરદેશમાં પણ કુદરતી મહાપ્રકોપનાં સમાચારો ટી.વી. અને છાપાંઓમાં અવારનવાર આવ્યા કરે છે. દુનિયાનો એક નંબરનો વિકાસશીલ દેશ અમેરિકા પણ કુદરત આગળ ઘુંટણીયા ટેકવે છે. ઠંડા પ્રદેશોમાં અગન જવાળાઓ ભભુકે છે. જયારે રણ પ્રદેશમાં અતિવૃષ્ટિની ઘટનાઓ બને છે, દરિયો ગાંડોતૂર બનીને વિકાસનાં કામોને પાણીમાં ગરકાવ થતા આપમે જોયી શકીએ છીએ, ત્યારે અતિ આધુનિક કોમ્પ્યુટરોથી કરેલી ગણતરીઓ પણ ખોડી પડે છે. આવા સમયે ગમે તેટલો વિકાસ કરેલ હોય તો પણ કુદરત આગળ માણસ વામણો સાબિત થાય છે.

જંગલોનો સફાયો થવાથી પશુ-પક્ષી અને વનસ્પતિનો વિનાશ થવા લાગ્યો છે. જંગલમાં પશુ-પ્રાણી અને પક્ષીઓની હગારથી અને વૃક્ષોનાં ખરેલ પાંદડાથી કુદરતી ચક્કર ચાલતું હતું, તેના બદલે તેનો સફાયો થવાથી - પ્લાસ્ટીકની કોથળીઓએ તેનું સ્થાન લઇને આખું કુદરતી ચયા-પચયનું ચક્ર ખોરવી નાખ્યું છે. જળમાં માછલીઓને જળચર જીવોને - રહેલું દોહ્યલું બનાવી દીધું છે. વાયુ અને આકાશને એટલી હદે દુષિત કરી દીધા છે કે નજીકનાં ભવિષ્યમાં માણસે શ્વાસ લેવા માટે પણ કૃત્રિમ રીતે પ્રાણવાયુ લેવો પડે તેવી સ્થિતિ થઇ રહી છે. આ કારણે આકાશી પક્ષીઓ તો દેખાતાં જ બંધ થઇ ગયા છે. એટલું આકાશને દષિત કરી દીધું છે.

બજારની લાહ્યમાં તિર્થસ્થળોને પર્યટન સ્થળોમાં ફેરવીને સરકારે ધર્મસ્થાનોને કમાણીનાં સાધન બનાવી દીધા છે. જયા સાદગી અને સાત્વીકતાનાં દર્શન થવા જોઇએ. ત્યાં ચોવીસ કલાક ખુલ્લી રહેતી હોટલે અને આલિશાન આશ્રમોએ ધમાલીયું વાતાવરણ બનાવી દીધું છે. આજનાં ધાર્મિક સ્થળો વ્યાપારનાં કેન્દ્રો બની ગયા છે. ધાર્મિક સ્થળોની બધી જ ધમાલ હવે ભક્તો માટે નહીં પણ માત્ર અને માત્ર પર્યટકો માટે જ થઇ રહી છે. અને જયાં પણ પર્યટક જાય છે ત્યાં પ્રદૂષણ પણ પોતાની સાથે જ લઇને જાય છે. દુનિયાનાં ઊંચામાં ઊંચા (૨૯૦૦૦ ફૂટ) એવરેસ્ટ શિખરને પણ આ ‘માણસે’ પ્રદૂષણથી મુક્ત રહેવા દીધો નથી! ત્યાં આવા ધાર્મિક સ્થળો શું વિશાતમાં?

આટલી પાયાની વાત સમજ્યાં પછી પણ ઉત્તરાખંડની આપત્તિ ને કોઇએ ધરતી પર પાપ વધી ગયું છે તેનું પરિણામ કહ્યું તો કોઇએ આડેધડ વિકાસની આંધળી દોડનાં કારણે પર્યાવરણને થયેલ નુકશાનનું પરિણામ કહ્યું, કોઇએ વળી નદીઓ ઉપર બાંધવામાં આવેલ બંધોનાં કારણે આ કુદરતી પ્રકોપ આવી પડ્યો છે તેમ કહીને આશ્વાસન મેળવ્યું છે, આ બધા જ કારણોમાં ચારધામની યાત્રાએ ગયા હતા અને અનેક મુશ્કેલીઓ વચ્ચે બે-ચાર દિવસ ખાવાનું ન મળ્યું, પાણી ન મળ્યું કે રહેવાની જગ્યા પણ ન મળી હોય તેવી - કઠિન પરિસ્થિતિમાંથી પસાર થઇને જેઓ પરત આવ્યા છે તેઓ તો ભગવાનનો પાડ માને અને અમને તો ભગવાને બચાવ્યા, અમે કહે એ સ્વાભાવિક છે. પણ જેઓએ પોતાનાં સ્વજનો ગુમાવ્યા છે તેઓ ભગવાનને શું કહેતા હશે? આ પ્રશ્નનો જવાબ આપવો ઘણો જ અઘરો છે. ધાર્મિક બાબતોમાં શંકાને કોઇ સ્થાન ન હોઇ શકે, પણ માણસ દરેકનાં પોતાને અનુકૂળ હોય તેવા જવાબ ગોતી કાઢે છે. ‘જો આપણું ધાર્યું થાય તો ‘હરિકૃપા’ અને જો આપણું ધાર્યુ ના તાય તો ‘હરિ ઇચ્છા’ એમ કહીને આપણે મન મનાવીએ છીએ. એટલે કે જેઓ પરત આવ્યા છે તેમનાં માટે ‘હરિ ઇચ્છા’ એમ સમજવું રહ્યું.’

આ લખનારે બે વખત ચારધામની યાત્રા અને કૈલાશ માનસરોવરની યાત્રા કરેલ છે. પ્રથમ વખત ( મે, ૧૯૮૧માં) અમો રૂદ્રપ્રયાગથી કેદારનાથ (૧૧૮૧૭ ફૂટ ઊંચાઇ) નવા જવા રવાના થયા રસ્તામાં વરસાદ વરસાદ અને બરફ પડવો શરૂ થયો. રસ્તામાં ભાટી ગામ આવતા ભૂસ્ખલનનાં કારણે રાત્રી રોકાણ કરવું પડેલ, બસમાં ટુંટીયાવાળીને ગમે તેમ કરીને રાત પસાર કરી. બીજા દિવસે રોડ ખાતાનાં માણસો આવ્યાં અને રસ્તો ઠીક કરવા લાગ્યાં, તેમની સાથે પ્રવાસીઓ પણ કામે લાગી ગયા ત્યારે બપોરે સુધીમાં ખુલ્લો થયો અને અમો આગળ વધી શક્યાં. એજ રીતે બીજી વખત (જુલાઇ, ૨૦૦૪માં) બદ્રીનાથ જવાના રસ્તામાં મોટા પાયે ભુસ્ખલન થવાનાં કારણે વચ્ચેનાં ફાગે ચાર કી.મી. લાંબી ટનલમાંથી પસાર થઇને જવાનું થયેલ અને (મે-જૂન - ૨૦૧૨માં) કૈલાસ માનસરોવરની યાત્રામાં પણ અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડેલ. ભૂસ્ખલન એ અહીંની સાવ સામાન્ય બાબત છે. તે ગમે ત્યારે થાય અને રસ્તા કયારે બંધ થઇ જાય તે નક્કી નહીં. બધી જ તૈયારી સાથે જ જવાનું હોય છે. હાલનાં પ્રકોપમાં આખે આખાં રસ્તાઓ જ મંદાકિની નદીમાં સ્વાહા થઇ જવાથી લોકોને બચવાનો કોઇ રસ્તો જ ન રહ્યો એ કારણે પણ વધુમાં વધુ જાનહાની થઇ છે. અત્યાર સુધીમાં ઉત્તરાખંડની આપત્તિમાં છ હજાર જેટલા યાત્રાળુઓનાં મૃત્યુ થયા છે અને છ હજાર જેટલા લાપતા છે તેમ સરકારી આંકડા બોલે છે. પણ વાસ્તવિક રીતે આ આંકડા કરતાં કયાંક વધુ જાનહાની અને લાપત્તા હોવાનાં પુરતાં કારણો છે.

૧૫ જૂનથી શરૂ થયેલ આપત્તિમાં વાદળો ફાટ્યા અને જે અનરાધાર પાણી પડ્યું તેનાં કારણે અનેક પ્રશ્નો ઉભા થયા. અગાઉની નદી ઉપરનાં બંધોને કારણે આજુબાજુનાં પર્વતોની માટીની ભીનાશનું પ્રમાણ વધી જવાથી ભૂસ્ખલનની ઘટનાઓ તો સામાન્ય બની ગઇ છે. બંધનાં કારણે જયારે પાણીની આવક વધી જાય છે ત્યારે પાણીનું જોર ઓર વધી જાય છે. આભ ફાટવાનાં કારણે આ બધાં જ કારણોએ ભાગ ભજવ્યો છે. બીજું એ કે સરકાર અને ત્યાંના સ્થાનિક લોકોએ વિકાસના નામે એ વાતનું બિલકુલ ધ્યાન જ ન આપ્યું કે નદીનાં કાંઠા લગોલગનું બાંધકામ ગમે ત્યારે નદીમાં અસામાન્ય પૂર આવે ત્યારે - જોખમી સાબિત થવાનું છે. તેનાં તરફ જે દુર્લક્ષ આપ્યું તેના પરિણામ સ્વરૂપે અલક નંદાનાં પ્રવાહમાં ચાર-ચાર માળની ઇમારતો પત્તાનાં મહેલની જેમ પ્રવાહમાં ધરાશાયી થઇને તણાઇ ગઇ. માલ મિલ્કતને જે નુકશાન થયું એ તો સમજ્યાં પણ હજારો માણસોએ જીંદગીથી હાથ ધોઇ નાખ્યાં એ નુકસાન સરભર થઇ શકે તેમ નથી.

આવો આપત્તિનો સમય પણ વેપારીઓ માટે બજારનો એક ભાગ બની જાય છે. ગામ કે શહેરનાં વેપારીઓ કરતાં ધાર્મિક સ્થળે વેપારીઓ સામાન્ય સમયમાં પણ લૂટતાં જ હોય છે. ત્યારે આવા આપત્તિનાં સમયમાં પણ તેઓએ લોકોની મજબૂરીનો પુરેપુરો લાભ લીધો. સામાન્ય પાણીની બોટલનાં બસો રૂપિયા લેતાં તેઓ અચકાયાં નથી. આનાથી ઉલ્ટું સ્થાનિક લોકોએ સરાહનીય કામગીરી કરેલ છે અને લશ્કરની કામગીરી તો ભગવાને મોકલેલ દેવદૂત જેવી છે. તેઓએ જાનના જોખમે પણ હજારો યાત્રાળુઓના જાન બચાવ્યા છે. તેઓની જેટલી પ્રશંસા થાય જેટલી ઓછી છે. તેઓ લાખ લાખ ધન્યવાદને પાત્ર છે. વેપારીઓએ જ રીતે તકનો લાભ લીધો છે. એ જ રીતે આપણા રાજકારણીઓ એ પણ તકનો લાભ લેવામાં બાકી રાખ્યું નથી. આપણે એવો સવાલ થાય કે શું આ વેપારીઓને તથા રાજકારણીઓને અને ભગવાનને કોઇ નિસ્બત જ નથી? હા, આપણા માટે જે ધાર્મિક સ્થળ છે તે તેમનાં માટે ‘બજાર’ છે અને તેમાં આપણી મુશ્કેલી અને મજબૂરી એ જ વધુ નફો રળવાનો મોકો પુરો પાડે છે એ જ રીતે રાજકારણીઓને આપણી મુશ્કેલીઓમાં પણ તકો દેખાય છે.

આ આપત્તિનાં બધા જ કારણો સાચા હોય કે ન હોય પણ આ હોનારતનો સૌથી સાચો જવાબ દિલ્હીનાં જવાહરલાલ નહેરૂ સેન્ટર ફોર એડવાન્સ્ડ સાઇન્ટીફીક રિચર્સનાં માનસ પ્રોફેસર અને ભૂવૈજ્ઞાનિક ડૉ. ખડગસિંહ વાલ્દિયાએ આપેલ છે. ઉત્તરાખંડની ઘટના મૂખ્ય તો પ્રાકૃતિક હતી. અતિવૃષ્ટિ, ભૂસ્ખલન અને પુર આવવું એ પ્રાકૃતિક ઘટના છે પણ તેનાથી થયેલ જાનમાલનું નુકશાન માનવ નિર્મિત છે. આવી નદીઓમાં સો વર્ષે પણ જયારે પુર આવે ત્યરે મુખ્ય માર્ગમાં જે મર્યાદામાં પ્રવાહ વહેલો હોય છે તેમાં વધુ પાણીની આવક થતાં વધારાનાં પાણીનો પ્રવાહ અન્ય માર્ગે વહેલા લાગે છે. આ માર્ગને ધારા કહે છે. જે માર્ગ ત્યાર બાદ કરવા લાગે છે. મંદાકિની નદી પણ આ આપત્તિમાં વર્ષો અગાઉની બીજી ધારામાં વહેલા લાગી. અગાઉની ધારામાં લોકોએ વસવાટ શરૂ કરી દીધો હોવાથી, જાન-માલને પુષ્કળ પ્રમાણમાં નુકશાન થયેલ છે. આ કારણે જ કેદારનાથની આસપાસનાં બનેલ તમામ બાંધકામો પાણીમાં વહી ગયા. પણ મંદિરને નુકશાન ન થયું. ધાર્મિક રીતે તેને ચમત્કાર ગણીએ પણ વાસ્તવિકમાં તે ભૌગોલિક કારણોસર સુરક્ષિત રહેલ. પાછળનાં કારણમાં એક શિલા જવાબદાર છે. એક સમયે ગ્લેશિયરમાંથી છૂટી પડેલ બહુ જ મોટી શિલા કુદરતી રીતે જ કેદારનાથ મંદિર પાછળ પર્વત તરફનાં ભાગે ગોઠવાઇ ગયેલ જે હાલનાં વિપત્તિનાં સમયે પથ્થરનાં મલબા સાથે ભયાનક પુર આવ્યું. ત્યારે આ શિલાનાં કારણે પાણીનો પ્રવાહ બે ભાગમાં ફંટાયઇને મંદિરની બંને બાજુએ થઇને આગળ નીકળી ગયો. પરિણામે મંદિર સુરક્ષિત રહ્યું અને આજુબાજુનું બંને બાજુનું બધુ જ સ્વાહા થઇ ગયું.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# રાત્રે વધ્યુંઘટ્યું માંગતી વખતે કંકુની નજરે આ બાળક પડ્યું, વિધવા કંકુને સંતાન ન હતું, મા વગરના છોકરાની પીડા તેનાથી અજાણ ન હતી, તેણે જમાદારનું બારણું ખખડાવ્યું

## સપ્તાહની નવલિકા

## ફફડતાં આંસુ

- હર્ષદરાય ઉપાધ્યાય

“આ કમભાગીએ મારૂં જીવન ઝેર જેવું કરી નાંખ્યું છે. મુઓ એની માની હારેજ ઠેકાણે પડી ગયો હોત તો સારૂં થાત”

ખૂરશીમાં અસ્તવ્યસ્ત કાયાને કઢંગી રીતે ગોઠવી, ટીપોઇ ઉપરથી દારૂનો ગ્લાસ પીતાં પીતાં જમાદાર ખાન તેના બે વર્ષના પુત્રને ભાંડતા હતા. ખૂબ ક્રોધીલા સ્વભાવવાળા ખાનની પત્ની મહિના દિ’ઉપર કમોતે મરી હતી. સૌ જાણતાં હતા પણ એક તો ખાન અને પાછી પોલીસની નોકરી આથી બધાંનાં મોઢા બંધ હતા.

લાલઘૂમ આંખે અને ખૂન્નસભર્યા ચહેરે તે તેમના ઘોડીયે સુતેલા બે વર્ષનાં પોલિયોથી બંને પગે અપંગ પુત્રને તાકી રહ્યા હતા. ઘરમાં બસ બે જણ હતા. સગાંમાં પણ દૂરનાં સગાં હશે. “પણ કોણ ઝંઝટમાં પડે?” એવું રાખતાં હતા.

અસ્તવ્યસ્ત ઘર જાણે ઉકરતા જેવું હતું. પત્નિના મૃત્યુ બાદ ઘર હવે ઘર રહ્યું ન હતું. પરંતુ તેમની આ સ્થિતિ બદલ કોઇને સહાનુભૂતિ થતી ન હતી. ઉલ્ટાનું “બિચારી છૂટી. રોજનો માર ખાવા કરતાં પૂરી થઇ ગઇ તે જ સારૂં થયું.” એમ ઘણાં કહેતાં.

અને વાત પણ સાચી હતી. રોજ રાત્રે દારૂ પી જમાદાર ઘેર આવતા અને વાંક હોય કે ન હોય પત્નિને ઢોર માર મારતા. કોઇ બચાવવા પ્રયત્ન કરે તો તેને પણ ખરી-ખોટી અને ગાળો સાંભળવી પડતી.

તે દિવસે જમાદાર ઘેર આવ્યા. બિચાર લકવાગ્રસ્ત પુત્રને મા જમાડતી હતી. બારણું ખોલતાં સહેજ વાર થઇ અને બસ... પછી પૂછવું જ શું? તે રાત્રે આડોશીપાડોશીની આંખો ભીની થઇ ગઇ હતી. સૌનાં હૈયાં ફફડતાં હતાં. કમરપટ્ટાનો માર અને પત્નીની ચીસો...

વારંવાર પત્ની કરગરતી “બસ કરો, મને ના મારો, મારાથી સહન થતું નથી. ઓ માડી રે...! ઓ બાપા રે...! જવા દો...! અને પટ્ટાના ફટાકાથી દિવાલો ધ્રુજતી હતી. રડતા પુત્રની ચિત્કાર પણ તેમાં ભળતી હતી. મરી ગઇ રે...! બચાવો... બચાવો...”ની ભયંકર દર્દનાક ચીસો ધીરે ધીરે શાંત થઇ ગઇ, હજુ લાતો, મુક્કા અને પટ્ટાના અવાજો કાન ચિરતા હતા. પણ ચિસો શાંત થઇ ગઇ હતી. પત્ની મૃત્યુ પામી હતી.

નિર્દયી પતિને જરા પણ પસ્તાવો ન હતો. ઉલ્ટું પુત્ર તેને ખૂંચતો હતો. બે વર્ષનો બંને પગે અપંગ પુત્ર પણ અસહ્ય યાતના, અને ભૂખ-તરસનો સામનો કરતો હતો. રડતા પુત્રને તમાચા પડતા જોઇ સૌની આંતરડી કકડતી હતી.

જમાદારને ઉપાધી થઇ ગઇ હતી. નોકરી કેવી રીતે જવું? નોકર રાખ્યો પણ તે પણ ડરનો માર્યો થોડાક સમયમાં જતો રહ્યો.

તેમના ફળિયાને પેલે પાર થોડાક ગરીબ વસ્તીવાળો પ્રદેશ હતો. મજૂર વર્ગ ત્યાં રહેતો હતો. તેમાં કંકુ પણ રહેતી હતી.

રાત્રે વધ્યુંઘટ્યું માંગતી વખતે કંકુની નજરે આ બાળક પડ્યું. વિધવા કંકુને સંતાન ન હતું. મા વગરના છોકરાની પીડા તેનાથી અજાણ ન હતી. તેણે જમાદારનું બારણું ખખડાવ્યું.

“કોણ છે અત્યારે?”

“એ તો સાહેબ, હું છું, સામે છાપરામાં રહું છું.”

“કેમ અત્યારે... શું કામ છે? ક્રોધીત અવાજ સાથે બારણું ખુલ્યું હતું.”

“સાહેબ, તમારી સેવા કરવા માંગુ છું. મારે સંતાન નથી. જો તમે દયા કરો તો તમારો દીકરો હું ઉછેરૂં? સવારે લઇ જઇશ સાંજે પાછો મુકી જઇશ.”

આવો સરસ પ્રસ્તાવ જોઇ, જમાદારક ઢીલા પડ્યા, બોલ્યો “આવ અંદર આવ.”

“સાહેબ, તમારે દીકરો માં ઝંખે છે અને મને સંતાન નથી. જીવની જેમ સાચવીશ.”

“ઠીક પણ મહિને શું લઇશ બોલ.”

“સાહેબ, જેવી આપની દયા. જે આપશો તે ચાલશે.” અને મહિને એક હજાર નક્કી થયા. થોડી ધમકી ભરી વાતો પણ પઠાણે કરી. પણ અંદરથી બહુ ખુશી થતી હતી.

ફૂટપાથ ઉપરથી વૈદે આપેલી જડીબુટ્ટીના તેલની માલીશ કંકુએ શરૂ કરી. છોકરો પણ તરત જ કંકુને મા ગણવા લાગ્યો. બે હાથે ઘસડાતાં ઘસડાતાં ખાનનો પુત્ર કંકુની પાછળ પાછલ ફર્યા કરતો. અને કંકુ પણ તેનો જ પુત્ર હોય તેમ સૌને કહ્યા કરતી.

પઠાણનો પુત્ર ‘અલી’ કંકુનો ‘લાલો’ બની ગયો હતો. સાંજે પઠાણને ઘેર પાછો મૂકતાં ચીસો પાડી લાલો રડતો અને મહામુસીબતે કંકુનો છેડો છૂટતો. છૂટાં પડતાં બંને મા-દીકરો આંખો ભીની કરતાં, અને એક દિવસ પઠામે કંકુને જે વાત કરી તે સાંભળતાં કંકુ નાચવા લાગી હતી. થોડાંક વર્ષ કંકુની પાસે અલી રહેવાનો હતો. જાણે હંમેશ માટે ન હોય! અને કંકુને શ્રદ્ધા હતી કે સમજણે લાલો કદાચ કાયમ માટે મારી પાસે રહેશે. પઠાણે એમજ વાત કરી હતી.

દિવસો - મહિના - વર્ષો ચાલ્યાં. માલીશનો પ્રતાપ કે પ્રભુનો આશીર્વાદ ગમે તે હોય લાલો ઘોડે-ઘોડે ચાલવા લાગ્યો, અને થોડુંક ઉભો પણ રહેતો.

અલી સાત વર્ષનો થયો હો. હવે તો લંગડાતો ચાલી બધે જતો પણ ખરો... સાયકલ સુદ્ધાં ચલાવતો થયો હતો.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# લાખો રૂપિયા ખર્ચીને બેસ્ટ કોર્ષ કરાવ્યા પછી પણ બેસ્ટ નાગરિકો આપણને મળતાં નથી, કારણ કે પુસ્તકો વાંચીને પોશી પઢી પઢીને પંડિત બનેલાં સ્કોલર્સ પાયાની બાબતો શીખતાં જ નથી, શિખર ચણાઇ જાય છે, પણ ઓટલા વગર મંદિર કઇ રીતે બને!

## સખીને પત્ર

- સ્વાતિબા રાઓલ

પ્રિય સખી,

આજે સવારે છાપું ખોલતાં જ સમાચાર નજરે પડ્યાં કે બી.એસ.સી.માં પ્રવેશ મેળવવા માટે લાગેલી વિદ્યાર્થીઓની લાંબી કતારો પહેલા એન્જિનીયરીંગ પાછળ કે મેડીકલ લાઇનમાં વિદ્યાર્થીઓએ પોતાનું નશીબ અજમાવ્યું. તેમાં કારી ન ફાવી એટલે ગ્રેજ્યુએશન પાછળ દોટ મુકી. આ દોડધામની વચ્ચે વિદ્યાર્થીઓ પોતે કે તેના વાલીઓ શાંતિથી બેસીને વિચાર્યું ખરૂં કે મને શું આવડે છે? અને મારે શું શીખવું છે? ચાલો! સારી ટકાવારી હતી અને સારા કોર્ષમાં એડમીશન મળી પણ ગયું. ગધ્ધા મજુરી કરીને ડિગ્રી મેળવી લીધી પછી દરેક જણ સફળ ગણાય છે? કેળવણીનું એવું છે કે જો એ સાચી અને સારી રીતે પાર પડે અને વ્યક્તિ ‘સજ્જ’ અહીં સજ્જ ઉપર હું ભાર મૂકું છું; વ્યક્તિ સજ્જ બને તો સફળતા આપોઆપ મળવાની છે! પણ સકસેસ ઇઝ બાય પ્રોડક્ટ! પણ આપણે જોઇએ છીએ કે ગોખણપટ્ટીથી મળતા માર્કસના ફુગાવા પછી પણ આપણી પાસે જેટલાં ટોપર્સ, ડીગ્રી હોલ્ડર્સ છે, તેટલાં સક્સેસફુલ પીપલ નથી! બી.એસ.સી. કે એન્જિનીયરીંગ માટે કતારો લાગે છે છતાંય આપણી પાસે સારા વૈજ્ઞાનિક નથી! કેમ? કેમ બધાં જ ડોકટર એક સરખાં એક્સપર્ટ બનતા નથી. બધા જ એમ.એ., પી.એચ.ડી., સર્જક નથી હોતાં? ઉદાહરણ તરીકે : ગુજરાતી અખભારો કે મેગેઝીન્સના કોઇ સફળ માલિકો, સંચાલકો, તંત્રીઓ કે કટાર લેખકો ભાગ્યે જ જર્નાલિઝમનો કોર્સ કરીને સફળ થયાં છે અને ટોચના ઉદ્યોગપતિઓની પહેલી પેઢી જવલ્લે જ બિઝનેશ મેનેજમેન્ટ ભણવા ગઇ છે!

મતલબ, કયાંક કશુંક ખૂટે છે. શાળા કોલેજની કેવળણીનો ગજ કયાંક ટૂંકો પડે છે. પરીક્ષાઓમાં ઢગલાબંધ માર્કસ લાવતાં વિદ્યાર્થીઓ કાળની કસોટીમાં વારંવાર નાપાસ થાય છે. લાખો રૂપિયા ખર્ચીને બેસ્ટ કોર્ષ કરાવ્યા પછી પણ બેસ્ટ નાગરિકો આપણને મળતાં નથી. કારણ કે પુસ્તકો વાંચીને પોશી પઢી પઢીને પંડિત બનેલાં સ્કોલર્સ પાયાની બાબતો શીખતાં જ નથી. શિખર ચણાઇ જાય છે. પણ ઓટલા વગર મંદિર કઇ રીતે બને! પછી એવું બને કે સૂર્યમાં રહેલા હિલિયમ વાયુની ખબર હોય પણ સૂરજનો તાપ લાગે ત્યારે કેવી છાશ કે લીંબુ પાણી પીવું તેની ગતાગમ ન હોય.

આ એક સત્ય ઘટના છે કે એક ભાઇ મેડીકલમાં ખૂબ ભણ્યા અને ગોલ્ડ મેડલીસ્ટ ડોકટર બન્યા. ઘરમાં કથા રાખવામાં આવી. માતાએ ડોકટર પુત્રને (ઘણાં વર્ષે) લાવવા કહ્યું અને પુત્ર બગીચામાં પહોચ્યો અપવાદો જરૂર હશે. પણ આપણા મસમોટા થોથાં ભણાવતી વખતે જન્મજાત ન આવડી શકે, અને સમાજમાં ટકવા માટે અનિવાર્ય હોય તેવી કેટલીક બાબતોને ભણાવવામાં કે કેળવવામાં આવતી નથી! સાઇન થીટા અને પૂર્ણ આંતરિક પરાવર્તન શીખી કે ઘટતા સીમાંત તુષ્ટીગુણનો સિદ્ધાંત અને બહુવ્રીહી સમાસ શીખીએ... પણ એથીયે જરૂરી અને એ બધાં કરતાં વહેલાં શીખવાનું શીખતાં નથી. વરસાદના કારણે અને વાદળનું બંધારણ ભણતાં પહેલાં કાગળની હોડી ને લાકડાંના તરાપાનું જ્ઞાન બેહદ જરૂરી છે.

કચરો વાળતા - પોતાં કરતાં શીખવાનો કોઇ સિલેબલ નથી. કપડાં ધોવા - સૂકવવા (એમાંય ઉનના હોય તો જુદી રીત અને રેશમી હોય તો અલગ પદ્ધતિ) શીખવવાના વર્ગો નથી. દીવો લાંબો સમય ચલાવવો હોય તો વાટ કેવી બનાવવી તેની તાલીમ મળે છે કયાંય? સ્કૂલ કોલેજના ફોર્મલ એજ્યુકેશનથી કાંઇ ચોપડી પર પૂઠું ચડાવતાં, ફૂલોની માળા-તોરણ બનાવતાં, ફ્યુઝ સાંધતાં, ઇન્કમટેક્સ રીટર્ન ફાઇલ કરતાં, રેલ્વેનું ટાઇમટેબલ જોતાં, બેન્કમાં ડ્રાફ્ટ કઢાવતાં, પંચાગ જોતાં, કપડાંને ગડી કરતાં કે બૂટ પોલીશ કરતાં, પંચરવાળુ ટાયર બદલતાં, નકશો જોતાં, દિવાલમાં ખીલી કેવી રીતે ઠોકવી તેના પેપર આપ્યાં છે? અરે દોરીની ગાંઠ મારતાં, સોય દોરો પરોવતાં, ગાજ બટન ટાકતાં શીખવું એ સ્કૂલનાં સિલેબસનો ભાગ હોવો જોઇએ? શેરડીનો સાંઠો છોલતાં કે શાકભાજીની છાલ ઉતારતા, અંગ્રેજીમાં બાયોડેટા લખતાં કે સાદી અરજી લખતા, ફેક્સ વાંચતા કે કરતાં કશુંય શાળા કોલેજના વર્ગખંડમાં ભણાવાય છે ખરૂં? હું જયારે શાળામાં શિક્ષકો માટેનાં ઇન્ટરવ્યુ લઉં છું ત્યારે દસમાંથી આઠ શિક્ષકોને અરજી લખતાં જ આવડતું નથી તે નોંધું છું. બાયોડેટા પણ કોમ્પ્યુટરમાંથી બેઠો ફર્મો ઉતારીને તૈયાર કરેલો હોય છે. ઘણી વખત તો તેમાં શોખમાં રીડીંગ અને મ્યુઝીક લખ્યું હોય પણ ઉમેદવારને રીડીંગ અને મ્યુઝીક સિવાય બાકી બધામાં રસ હોય તેવું પણ બને.

(ક્રમશઃ)